# પ્રતિઘોષ

## અનુક્રમણિકા


૧ ગોપીનો ઠપકો
૨ શિવસ્તુતિ
૩ સરસ્વતી સ્તવન
૪ સંગનો રંગ
૫ મેનવણી
૬ હાલરડું
૭ તું જઈશ હવે તારી પાસ
૮ પ્રાર્થના
૯ ભક્ત ન ભારત
૧૦ ગણેશ સ્તુતિ
૧૧ સમરસ સમરસ પહોંચે
૧૨ બાબાજીની સ્તુતિ
૧૩ પ્રભુને પ્રાર્થના
૧૪ વિદાય
૧૫ ચંદન હાર સ્વીકારો (ધોળ)
૧૬ હરિ ભજન તું કર
૧૭ સદગુરુ શરણે (ધોળ)
૧૮ જ્યારે લાગી લગનું…
૧૯ સોનાનો દિન (ધોળ)
૨૦ શરણે પાવન થવા આવ્યું
૨૧ સાંઈધૂન
૨૨ સાંઈ સ્મરણ
૨૩ અમર રાજ શાસન
૨૪ ચાંદો ઊગારી
૨૫ જગદંબાની સ્તુતિ
૨૬ કોણ ઉગારે આજ?
૨૭ ભાવ ભરી સાંભળો
૨૮ કોણ મારે સાંભળશે?
૨૯ સાંઈની ટેક
૩૦ દિન રાત ગાઉં ભજુ સાંઈ
૩૧ ભૂલ ભવની ભાગી
૩૨ હે ગોપીવર ચંદ્રવદન
૩૩ આરતી કરીએ સંગાથી
૩૪ ગુરુદેવ તમારા શરણોમાં
૩૫ ગુરુ શરણની ધૂન
૩૬ કોણ નિર્ગુણ ને કોણ નિરાકાર?
૩૭ દર્શન દ્યો
૩૮ ઝુલાતા દીવડાં
૩૯ કુંજરના કુંજરે
૪૦ માંગણી
૪૧ ભાદરવાને પ્રાર્થના
૪૨ વિનંતિ
૪૩ વર દો!
૪૪ આપોરવા દે
૪૫ આ મુસાફરી ક્યાં છે
૪૬ ગુરુપદક
૪૭ નિર્વાણપદ
૪૮ પિતાજીના દરિયાકિનારે
૪૯ ધૂન

સ્વકીય....

સમજણો થયો ત્યારથી સંતોનો સહવાસ કુદરતી રીતે મળે
અવાર નવાર મળતા જ રહ્યાં છે. તે સૌ મહાન આત્માઓ
તરફથી જે સંસ્કાર સિંચન થતું ગયું તે કારણે ~~આધ્યાત્મિક~~
આધ્યાત્મિકતાની સમજ વિશદ બનતી ગઈ. ઉંમરના આ
થોડી મૂંઝવણ ને તરસ પણ જાગી. પ્રાર્થનાનું આંતરિક
મહત્વ પણ સમજાતું ગયું. પરમાત્માની કૃપાથી પૂ. યોગેશ્વરજી
મારા જીવનમાં ઈ.સ. ૧૯૭૨-૭૩ માં આવ્યા. તે માટે પૂ. મા
સર્વેશ્વરી જવાબદાર બન્યાં. પૂજ્યશ્રી સાથેના સંપર્કથી તરસ
તીવ્ર બની. પૂજ્યશ્રી માટે અંતરમાં ગુરુભાવ જાગ્યો અને ગુરુ
કૃપા કોને કહેવાય તેનો આસ્વાદ પણ માણ્યો. અનુભૂતિના
પ્રદેશમાં ઊંડે ઊંડે પગરણ થયું. તે પહેલાં સાંભળેલા
માટે અનુરાગ અને પક્ષપાત હંમેશ હતા. તથા ભાવની
અસર તળે કેટલીક આનંદની ક્ષણો પણ વ્યતીત થઈ. પણ
પૂજ્ય યોગેશ્વરજીની અસર સર્વાંગી, સાર્વત્રિક ને પ્રગાઢપણે
અનુભવાતી જ ગઈ. પરિણામે જીવાતા જીવનમાં તેના રંગ
કંઈ આજદિન સુધી ઊતર્યા જ નથી. બલ્કે તે વધતા જ ગયા
છે. પૂ. મા સર્વેશ્વરીનો પાવન સંગ તે માટે મહત્વનો બની
ગયો. તે સર્વ પ્રસંગોમાં મારા ઉરનાં ઊંડાણોમાં આવતાં
ભાવ સંવેદનાનાં સ્પંદનોના આ પ્રતિઘોષ શબ્દસ્થ થયા
કર્યા હતા ત્યારે વિચાર્યું નહોતું કે તે કવિતા કહેવાય કે
નહીં. અત્યારે વિચારું છું ત્યારે મન સાશંક બને છે. ક્યારેક
કવિતા લાગે છે તો ક્વચિત્ કવિતા જેવું લાગે છે. કદાચ કવિતા
ન પણ હોય શકે! કોઈને પરંપરાગત પણ લાગવા સંભવ છે.
નવીનતાનો અભાવ જણાશે. છતાં અહીં મારી અંતર્યાત્રાનું સ્પષ્ટ
દર્શન થતું હોવાથી તે સૌ કૃતિઓને એકત્ર કરવાનો વિચાર
કર્યો. હૃદયે જે ભાવાનુભૂતિ કરી તે સહજ રીતે સાકાર પામી
આનંદ પણ અનુભવ્યો. આથી વિશેષ મારે કહેવું પણ શું?

પરમાર્થી
તા-૨૦/૧૦/૯૪

# ગોપીનો ઠપકો

મનડું મથુરા ને હૈયું ગોકુળિયું
આતમા રાધેશ્યામ,
ઓધવજી, આતમા રાધેશ્યામ!

આંખ મીચું તોયે શ્યામ દીસે
ને ઉઘાડું તોયે શ્યામ,
ઓધવજી, આતમા રાધેશ્યામ!

જડ ને ચેતનમાં નિરખ્યા માધવ
કાળું દીસે નહિ કામ,
ઓધવજી, આતમા રાધેશ્યામ!

ગ્રંથમાં મૂકો આગ,
તમારું કરીએ સુળી શું જ્ઞાન?
ઓધવજી, આતમા રાધેશ્યામ!

પ્રેમથી પામ્યા ગોપીના વ્હાલા
પ્રેમે પામો શ્યામ,
ઓધવજી, આતમા રાધેશ્યામ!

૧૯૫૨

# શિવસ્તુતિ

(રાગ શંકરા)

ઓમ્ શિવંકારી,
મંગલકારી,
શશિધર લાંછિત
અધિપદ સોહત
દલિત પીડિત દુઃખહારી!
ઓમ્ શિવંકારી! મંગલકારી!

સત્ય-શિવ-સુંદર રક્ષત
ડમ ડમ ડમરુ બાજત
નિશિત ત્રિશૂલ કરધારી!
ઓમ્ શિવંકારી! મંગલકારી!

ગરલ હલાહલ પાન કરી,
શિર પર પાવન ગંગ ધરી,
શુભતમ હો તવ
દર્શન સંતત
જગ પર કરુણા તારી!
ઓમ્ શિવંકારી!
મંગલકારી!

૧૯૫૮

નોંધ: મૂળ હિન્દીભાષાના ભુવન નાટક માટે આ સ્તુતિ રચેલી. તે નાટક બૌદ્ધ ભાષામાં રજૂ થનાર હતું. બૌદ્ધ ભાષામાં રજૂ કરી શકાય તેવા હેતુથી આ સ્તુતિ પસંદ થયેલી. સંગીતકારે શંકરા રાગમાં તૈયાર કરી સરસ રીતે રજૂ કરેલી.

# સરસ્વતી સ્તવન

(રાગ બાગેશ્વરી)

કમલાસના હે!
વીણાવાદિની વાગીશ્વરી હે!
ઝનન ઝન
ઝનન ઝન વીણા ઝંકારી હે!

સરલ સરલ મુજ હૃદય નિકુંજે,
પ્રફુલિત આતમ કોકિલ ગુંજે—
સુરસરવાણી મુખરિત કરી દે!
ઝનન ઝન
ઝનન ઝન વીણા ઝંકારી હે!

તોડી મૌનની વજ્ર શિલા
વૈખરી કેરાં ઝરણ રસાળાં
કલ કલ છંદે
મુક્ત કરી દે!
ઝનન ઝન
ઝનન ઝન વીણા ઝંકારી હે!

૧૯૫૮

# સંગનો રંગ

ઉગમણે ભોર મારે લીમડાની છાંય મહીં
આથમણે પડલાનો સંગ:
વાયરાની વાંસળી વાગી રહે ત્યારે
ફલફલતાં માંહે મૃદંગ:
મારે હૈયે ન માય ઉમંગ!

તાપે તપેલાનું મારણ હૈયાં
કડવા તે રસનું પાન!
સહૂ લાગી હોય તે ગુણગણ ફરી ફરી
ગાય અનેરા ગાન!
મારું મહોરી રહે સંગ સંગ!
મારે હૈયે ન માય ઉમંગ!

ઊંઘેરી ઝૂકે નિશાનું આવરણ
ઝૂમતા પડછાયો ઝરાણી:
મંગળ દર્શન મને શિવનું સાંભરતું
રાતભર નહિ મલાફાનો:
હૈયા તે સંગનો રંગ!
મારે હૈયે ન માય ઉમંગ!

૧૯૫૯

# ચેતવણી

સુમર હરિ મન વાર વાર!
પડી આદત તવ
વિસર વિસર રે કામ ન શોભે લગાર!
સુમર હરિ મન વાર વાર!

ધન દોલત શું કરશો,
જ્યારે આવશે યમ જુલ દ્વાર?
કોઈ ન બચાવે સગા, સંબંધી,
બચાવશે તારણહાર!
સુમર હરિ મન વાર વાર!

ડોંગર ડેરો કામ ન આવે
બાવા શોધ વિચાર:
કાયલી કાઠીએ નાવ શેં કરશો
તાટાળી દરિયો પાર?
સુમર હરિ મન વાર વાર!

૧૯૬૦

# હાલરડું

સૂરની સારંગી વાગો,
        તમરાંના સૂરની સારંગી વાગો!
શમણે ઘેરાણા કુંવર, સુખનો સમુંદર તાગો!

    ઝાડવાં હાલેરું ગાય,
        વરસે દૂધગંગાની ધાર!
    શામળા છાયા રૂપે
        ઘૂમે તારલિયો અંધાર!
સૂતાં બાબુડાં ત્યારે પ્રભુના રખોપા જાગો!

    ગાઢ પવનને ઘુઘરે,
        રમાડશે રિધ્ધ ભગાર!
    કુમળી પાલણે ~~[illegible]~~ પાલણે,
        પમરતો પાંખો પ્યાર!
મોંઘેરી મૂડી મારી, કોઈ જગે ન જાગો રે!

    આકાશની અટાર,
        નમણી રહો અંગે પાંપણ!
    આભના આભલાં જોય,
        છલકાતો ઉર આંગણ!
જીવન ઝરણાં એવું ગાણું વહો અનુરાગો!

૧૯૬૫

<u>નોંધ</u>: મરાઠી ચિત્ર 'સ્વાધ્ન તેચ ભોવળી'ના દિગ્દર્શક શ્રી ચંદુવદન શેઠના આગ્રહથી આ કૃતિ રચેલી. તેમને કથાને અનુરૂપ હાલરડું જોઈતું હતું. તેમના સંગીતકારની ધૂનોમાં ફક્ત ફરતે શબ્દો જોઈતા હતા જે ગાઈને આપવા હતા અને આ હાલરડું તૈયાર થયેલું. પાછળથી દિગ્દર્શકે તેનું મરાઠી કરાવી સુંદર રીતે ચિત્રિત કરેલું. — [illegible]

તું બદલ હવે તારી ચાલ!

મૂરખ, તું તો ચાલે બેતાલ!
તારા પૂરા થશે રે હાલ!

સમજ્યો નહીં હજુ અવસર મોંઘેરો
દરશ ગુમાવે શાદ?

માન ગુમાવ્યાં હરતાં ફરતાં
છોડી ન શાને જીદ?

ઘેલા તારી આશ વશે રે કાલ!
તારા હાલ થશે બેહાલ!

તારા રે હાથમાં આજ રે તારું,
કોના રે હાથમાં કાલ?
ફરકો નહીં તારો હરિ અવતારિના,
એ જ રે એક તારી ઢાલ!

તું બદલ હવે તારી ચાલ!
નહિ તો પૂરા થશે રે હાલ!

૧૯૬૬

# પ્રાર્થના

હરિ-હર-બ્રહ્મા હે જગત્રાતા,
દુર્ગા, કાલી, અંબે માતા,
હે સત સાંઈ, સુદેવ અનંતા,
કૃપા કરો મુજ પર ભગવંતા!

ગુરુવર બાબા, હે સાહિરી,
સદ્ગુરુ શ્રી મુક્તેશ્વરગિરિ,
યોગાનંદ, ગુરુ ક્લાર મહંતા,
કૃપા કરો મુજ પર ભગવંતા!

યોગને મારગ બન્યો પ્રવાસી,
પ્રભુ દર્શનનો હું અભિલાષી,
રગ રગ પ્રગટો શક્તિ અનંતા,
કૃપા કરો મુજ પર ભગવંતા!

૧૯૯૬

# એક જ ભારત

યોગ-સુરજ બાબાજી ગુરુ
યોગ-શશિધર લાહિરી
યુગ અવતારી જ્ઞાનયોગી શ્રી
શ્રી પ્રભુ યુક્તેશ્વરગિરિ
પ્રેમયોગી શ્રી પરમહંસ શ્રી
યોગાનંદ સદ્યોગ
દેવ સકલ મમ હૃદયે કરો
સુરકૃપા સંજોગ !

ત્રિકુટી તિલક મંગલ રહો
જગમગ નિત રવિયાનું !
અનુપમ નગારો શૂન્ય ગગનમાં
સોના તેજ ઢુંડાનું !

એ જ તેજથી નિરખું તમાશા
મનહર સુંદર શ્યામ !
બાબાની બસ એક જ ભારત
શત શત કોટિ સલામ !

૧૯૯૬

# ગણેશસ્તુતિ

જો માનવદેહ અદ્ભુત રૂપ રૂડું
પ્રથમ કરું તવ સ્મરણ મધુરું!

વિઘ્ન વિનાશન
વિકટ ગજાનન
સમૃદ્ધિની લંબોદર હે!
કદી નવ કાર્ય અમ હો અધૂરું!
પ્રથમ કરું તવ સ્મરણ મધુરું!

સુમુખ, કપિલ, ગજકર્ણ, વિનાયક,
ગણપતિ, ધૂમ્રકેતુ, સુખદાયક
સંકટવિણ અમ કાર્ય હો પૂરું!
પ્રથમ કરું તવ સ્મરણ મધુરું!

૧૯૬૭

નોંધ: ગણેશના બાર નામનું વર્ણન શાસ્ત્રગ્રંથમાં વાંચેલું તેથી
આ સ્તવન રચેલું.

# સમરસ સમરસ થઈએ

બ્રહ્મસદનમાં જઈએ આવો બ્રહ્મસદનમાં જઈએ
આતમરામને મળીએ ચાલો બ્રહ્મસદનમાં જઈએ

યમનિયમની પગદંડી પર ધ્યાન ટેકરી ચઢીએ
ધારણા કેરી ધજા લઈને મંદિર દ્વારે ઠરીએ
સુમરણ સંતન કરીએ ચાલો બ્રહ્મસદનમાં જઈએ - ૧

ઈડા પિંગલા શાંત બનાવી અનુપમ કરીએ પ્યાર
અનહદ નૂરે ઘેલા થાશો સુષમણાની નાર
પ્રેમની ધૂન કરીએ ચાલો બ્રહ્મસદનમાં જઈએ - ૨

ઝળકી જાગી ઉઠશે સૂતી મરનીંદરમાં નાગણ
ઉર્ધ્વમુખી થઈ જાશે વેધી સહસ્રદલને સિંહાસન
રૂપ રૂપ શણગાર નીરખીએ ચાલો બ્રહ્મસદનમાં જઈએ - ૩

ઝળહળ તેજ સમુંદર છલકે તેજ તેજ થઈ તરીએ
ચિત અચિત જો થઈ જાશે તો સુખ પરમ અનુભવીએ
સમરસ સમરસ થઈએ ચાલો બ્રહ્મસદનમાં જઈએ - ૪

૧૯૭૭

# બાલાજીની સ્તુતિ

૧ પદ્માવતીપતિ મનોહરા શ્રીલક્ષ્મીનારાયણા
વ્યંકટ અદ્રિશૃંગ શોભિતં[૨] નિર્મલ નિત નિરંજના
કનકમંડિત છાંય[3] વિલસિત દીસત અતિ સોહામણા
સંતતણો મન ભાવન પાવન મંગલ દૃગભર દર્શના

[૪] જ્યોત ઝળહળ રૂપ ધરી સ્થિત બ્રહ્મદેવ નિરંતરા
હર્ષિત સુરિનર સંગ અર્ચિત નર્તિત ગિરિવરશંકરા
[૫] વૃંદ ભાવક વિવિધ વિધિરત બંધમુક્તિ કામના
પ્રેરિત આવો સદ્‌ગુરુ વચને ગુણ ગાતો શ્યામના

૧૯૬૧

૧ ભગવાને પદ્માવતીને વચન આપેલું કે મૃત્યુલોકમાં આવીને હું તારો પતિ થઈશ તે પ્રસંગ. પદ્માવતી તો રાજાની દીકરી હતી.

૨ વ્યંકટનામના પર્વતની ટોચે પોતાનું વચન પાળવા પ્રભુ પ્રગટ થયેલા. આજે તે જ સ્થળે મંદિર ઊભું છે. ભગવાનને વ્યંકટેશ્વર પણ એટલા માટે જ કહેવામાં આવે છે.

3 આખું મંદિર જાણે કે સુવર્ણથી મઢેલું છે અને તેની છાયા પણ જાણે કે સોનાની હોય તેવું દર્શન થયેલું.

૪ પદ્માવતીના પાણિગ્રહણ પ્રસંગે સાક્ષાત્ દેવતાઓ ઉત્સવ મનાવવા પર્વત પર પધાર્યા હતા. ઉત્સવને અંતે સૌ અલોપ થઈ ગયા હતા. પરંતુ બ્રહ્મા એટલા બધા તલ્લીન થઈ ગયેલા કે જવાનું જાણે કે ભૂલી જ ગયેલા. તેથી અંતે તેઓ જ્યોતરૂપે રહી ગયેલા એમ કહેવાય છે. આજે મંદિરમાં જે જ્યોત સદૈવ બળે છે તે તેની નિશાની છે.

૫ આજે પણ હજારો ભાવિકોનાં ટોળેટોળાં જુદી જુદી કામનાઓ લઈને દર્શન કરવા આવે છે ત્યાં હું પણ સદ્‌ગુરુની પ્રેરણાથી ત્યાં ગયેલો ને આ સ્તુતિ ગાયેલી.

# પ્રભુને પ્રાર્થના

પકડ્યું શરણ તમારું,
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!
હું બાળક અજ્ઞાની પાપી,
ભલું કરો રે મારું!
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

જનમોજનમનો કચરો દિલમાં સંઘર્યો આજ લગી
જ્ઞાન તણી જે આગ રે કરજો, છો ને જતો સળગી,
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

મન સંયમ મુજ જય ડગી તો પાછું કરજો પ્રેમે!
ભક્તિ રસાયણ પાજો એવું જાય ન ક્યાંય કેમે!
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

ગોદમાં લઈને વ્હાલના અમૃત પાજો ખૂબ મીઠેરાં!
આતમરામનો ભેટાવી દેજો કાપી ભવના ફેરા!
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

૧૯૬૮

# નિદ્રા

બંને તરફથી કોણ પુકારે આવ, અહ્યા અહીં આવ?
સતત તરસ છીપાવે એવું ક્યા ગમ દિલ દરિયાવ?

રૂરિઝુંવાળા વન આ સૂનું
અંધારે ગરકાવ:
આસપાસ અણસારના દિસે
ક્યા ગમ લેવા જાવ?
બંને તરફથી કોણ પુકારે આવ, અહ્યા અહીં આવ?

શંકાની શિલાઓ ફરતે
ડરાવતી મઝધાર,
જળભમરીની ઘુમરી મારી
ક્યમ કરવી પાર!
ઘેરું જગનું મૌન અથડાશે, કોણ સુણે મુજ રાવ?

દિશા વિનાની દશા નિરાળી
ઉડુગણ ઊંચે મલકતા!
ગગન મંડપમાં ઉડુગણ સઘળા
જોઈ તમાશો હસતા!
ક્યા ગમ વાયું તુફાન ને ક્યા ગમ સરકે નાવ?

ક્યારે ભેટશે કાળામેઘ ને
૧૯૬૯ થાશે ક્યારે પાર?
મટશે મારી દુવિધા ક્યારે?
ક્યારે ઉગશે સવાર?
રૂરિઝુંવાળા વન તો સૂનું અંધારે ગરકાવ!
બંને તરફથી કોણ પુકારે આવ, અહ્યા અહીં આવ?

૧૫ વંદન ઠાકર સ્વીકારો

ધોળ

સતગુરુ વંદન ઠાકર સ્વીકારો રે
કૃપા કરી હોડીને પાર ઉતારો રે - ટેક

હું તો કાંઈ જાણું નહીં રીત કોઈ રે
તોફાની આ દરિયાનો દૂર કિનારો રે
કૃપા કરી હોડીને પાર ઉતારો રે - ૧

માથે ભર્યો ભાર અતિ મેં મૂરખે
એને હવે મ્હેર કરીને તારો રે
સતગુરુ વંદન ઠાકર સ્વીકારો રે - ૩

અજ્ઞાની હું ક્ષમા કરો ભૂલ મારી રે
દીનબંધુ દીનને તમે ઉગારો રે
કૃપા કરી હોડીને પાર ઉતારો રે
સતગુરુ વંદન ઠાકર સ્વીકારો રે - ૪

૧૯૭૦

ડાલમ ડોલમ થાય વિકારના વાયુથી
મારો કોઈ બીજો નથી ન સહારો રે
કૃપા કરી હોડીને પાર ઉતારો રે - ૨

# હરિ ભજન તું કર!

બૂરી આદતને વિસારી,
મનવા, હરિ ભજન તું કર!

આજ લગી તેં વાયદા કીધા,
જૂઠ ઝેરના પ્યાલા પીધા,
ક્યાં લગી છેતરશે જેના
આશ રહી છે તારી,
મનવા, હરિ ભજન તું કર!
બૂરી આદતને વિસારી,
મનવા, હરિ ભજન તું કર!

પ્રીત કીધી પડછાયા સાથે
માયા વધારી એટલા માટે
જશે ત્યારે તો ખાલી હાથે
જાણુ જશો તું હારી,
મનવા, હરિ ભજન તું કર!
બૂરી આદતને વિસારી,
મનવા, હરિ ભજન તું કર!

ગુરુ બતાવે કેરા રળશે
દુનિયામાં સુખશાંતિ મળશે
નર્ક આગ તને પાછી ન મળશે
એટલું લેજે વિચારી,
મનવા, હરિ ભજન તું કર!
૧૮-૯૦
બૂરી આદતને વિસારી,
મનવા, હરિ ભજન તું કર!

૧૭

# સતગુરુ શરણે - -

ઢાળ

સતગુરુ શરણે મને નિત્ય રાખો રે
પડદા આડે કોણ છૂપાવું તો ભાખો રે - ટેક

મન મારું સંયમ ને અતિ મોંઘું રે
કોઈ નહીં શકું એને દોરી નાંખો રે
સતગુરુ શરણે મને નિત્ય રાખો રે - ૧

હું તો પંખી ઉડી શકું નહિ ઊંચે રે
મૂદુ મારી થાકી ગઈ હવે પાંખો રે
સતગુરુ શરણે મને નિત્ય રાખો રે - ૨

શણગાર કેરો કો કો નહીં હવે ભય રે
કૃપા કરી એટલી કાળજી રાખો રે
સતગુરુ શરણે મને નિત્ય રાખો રે - 3

૧૯૭૦

# જ્યાં રે લગી....

*જ્યાં રે લગી આ મનડું હાજર છે,
ત્યાં રે લગી સહુ સુંદર રે સાર છે!

સુંદર આ સુરજ ને સુંદર આ ચન્દ્રમા
આકાશે સુંદર આ તારકની ભાત છે!

સુંદર આ ધરતી ને સુંદર આ શોભા
સુંદર ઘરબાર ને સુંદર આ ગાત છે!

સુંદર રે સર્જકની સુંદર રે કલ્પના
સુંદર આ ભક્તિ ને સુંદર વિરાગ છે!

તપના રે સુંદર, સુંદર આરાધના,
સુંદર રે જીવનની મહોરી માંગ છે!

ઓઘ આ ગંગાનો સાગરમાં ભળતો
ગંગા ગંગા નહીં, સાગર સાગર છે!

જુદી ના થાય રહે, મિથ્યા આ ભાગાભાગો
બાવો મહો એવો વેદ વિચાર છે!

૧૯૭૩

* સમસ્ત સૃષ્ટિ આ મનનો જ વિસ્તાર છે એમ તત્ત્વજ્ઞ મહાપુરુષોની અનુભવવાણીનો મર્મ અહીં વ્યક્ત થયો છે. —

ઢાળ

સોનાનો દિન ઉગ્યો આજે લાલા લ્હેર રે
વ્હાલા મારા ગુરુએ કીધા મીઠી મ્હેર રે - ટેક

બારા ફરતી પડદા દેરાવ્યા પાંચ રે
પથરાયા અજવાળા કાંતરિયાળ રે
વ્હાલા મારા ગુરુએ કીધા મીઠી મ્હેર રે - ૧

પહેલે પડદે ભૂખ વગાડી ભારી રે
દૂજે શાસ્ત્રાં ભણ્યે કાતિલ ઝેર રે
સોનાનો દિન ઉગ્યો આજે લાલા લ્હેર રે - ૨

ત્રીજે દીઠી આંખી કહું શુભ બ્યારી રે
ચોથે રહ્યું માન મનો ન ભાર રે - ૩
પાંચમે તો રૂપ બેરાવ્યા સંસાર રે
ધન ધન કીધો મારો સતગુરુ આ ફેર રે
વ્હાલા મારા ગુરુએ કીધા મીઠી મ્હેર રે
સોનાનો દિન ઉગ્યો લહો લાલા લ્હેર રે - ૪

૧૯૭૪

## પ્રભુને પ્રાર્થના

(વસંતતિલકા)

ત્હારી વિભૂતિ પરખી ન શકું પ્રભુ હે
હું અલ્પ બાળ વિનવું ભુવને ઉગારો!
લાગી હવે લગન દર્શનની દયાળુ
શ્રદ્ધા થકી શરણ આપનું આજ લીધું!

વ્યાપ્યા પ્રકાશ રૂપ આપ બધે બહાર
તોયે કમાડ ઉર બંધ સદૈવ રાખ્યા!
અંધારમાં ભટકી વિહ્વળ પાપ કીધું
તોયે વિભો શરણ પાવન આજ લીધું!

મેલી વળી નજર નિત્ય રહી જ મારી
ના ભુલથી રટણ લેશ લગાર કીધું!
પૂજા કરી નહિ કદી, નવ અર્ઘ્ય દીધું,
તોયે વિભો શરણ પાવન આજ લીધું!

ભક્તિ કરી નવ કદા, નહીં તત્ત્વ જાણ્યું,
ના ભાવની ગતિવિધિ વળીયે પિછાણી!
યજ્ઞો કર્યાં નવ કદી, નહિ દાન દીધું,
તોયે વિભો શરણ પાવન આજ લીધું!

ના યોગની અટપટી ગત મેં પિછાણી,
અંતર્મુખી નવ થઈ ચિત્તવૃત્તિ કોઈ!
ના શુદ્ધ બુદ્ધ બનવા કદિ યત્ન કીધાં,
તોયે વિભો શરણ પાવન આજ લીધું!

(ચાલુ)

મોહી સકામ વિષયે રત સર્વદા મેં
સત્સંગની પણ અમૂલ કરી ન જાણી!
ના તંત્ર મંત્ર વળી સાધન એકે કીધું,
તોયે વિભો શરણ પાવન આજ લીધું!

હે નાથ, શંકર ઉમાપતિ શક્તિદાતા!
હે દીનબંધુ કરુણાકર સત્યસાંઈ!
માગું ક્ષમા સકલ કર્મતણી દયાળુ,
શ્રદ્ધા થકી શરણ આપનું આજ લીધું!

૧૯૭૫

# સાંઈ પૂજા

નિશદિન પૂજા કરીએ સાંઈ
નિશદિન જપીએ રામ ! —ટેક.

અભિમાની રાવણની આણી
ઠેકાણે આણે સાન,
હસ્તિનાપુરે દુર્જન ભાગ્યા,
પાંડવે પૂર્યા પ્રાણ ! —૧

પ્રેમથી પરવશ પ્રાણ પિયુનો
ઝેરના પીતો જામ !
અબળાની વહારે સબળા કીધી
આંપદામાં ભરી હામ ! —૨

અર્જુન હોય ત્યાં સારથી બનશે,
ગોપી હોય ત્યાં કાન !
અરૂપ તોયે વિલસે સદાયે,
ઠામે ઠામે મુકામ ! —૩

કલિયુગે પુરષાર્થે પ્રગટ્યા
રૂપ ધરી સાંઈરામ !
વિભૂતિ રૂપે મહેર કરંતા,
પાવન કીધું ભુવધામ ! —૪

૧૯૯૪

# સાંઈસ્મરણ

સાંઈ સ્મરણ અનુરાગી,
હું તો સાંઈ સ્મરણ અનુરાગી
ઉરની કુંજમાં જય સુણી મુરલી મધુરી વાગી !
હું તો સાંઈ સ્મરણ અનુરાગી !

સોને શણગાર્યાં સ્મરણોનો
સૂક્ષ્મ થયો સંચાર;
રોમે રોમે અદ્ભુત રોમાંચ,
નયનોએ ગાયો મલ્હાર !

મનની મમતા સહુ ભાંગી,
હું તો સાંઈ સ્મરણ અનુરાગી!

ફૂલડે ફૂલડે પગલાં દીપે,
પળ પળ સોહે વાસ !
સુરતા ઘેલી રાધા નીસરી
રંગભર્યો મધુરાસ !

રહ્યું ન કોઈ પરભાગી,
હું તો સાંઈસ્મરણ અનુરાગી!

૧૯૭૪

# ભગવત રામની શાખ

ત્રિભુવનના નાથ શું આવ્યા પહેરી વિભૂતિ આજ?
જાણી ન શકું,
સમજી ન શકું,
કહી ન શકું વાત!
ત્રિભુવનના નાથ શું આવ્યા
પહેરી વિભૂતિ આજ?

માછલા પહેરીને માન બચાવ્યું,
કાચબો પહેરીને ધરતી

નર-પશુ રૂપ ધર્યું જ્યારે
પ્રગટી એવી શક્તિ

ભુવને શાતા વળી જ્યારે અસુર બળ્યા આજ!

વામન રૂપે બલિ પરીક્ષા
કપરી જેણે કીધી

પરશુથી સંહારી પાપો
જગને શાતા દીધી

શક્તિની ભક્તિથી રામે રાવણ રોળ્યા આજ!

અર્જુન હોય ત્યાં સારથી બનતો
ગોપનો ઘનશ્યામ

જડ રિવાજો તોડી કરતો
નવસર્જનનાં કામ

બુદ્ધ સ્વરૂપે આવી જોઈ સહુની રાખી લાજ!

ઉત્સુકથી સૌ જોતાં શાને આવ્યો નમતો રાજ
નર્યા વિના કેમ રહી શક્યો ના? નમનાં કરતાં આજ
૨૯૭૬ ધન ધન પર ધરાવી વિભૂતિ ધરતી કેવી શાખ?
ત્રિભુવનના નાથ શું આવ્યા પહેરી વિભૂતિ આજ?

# જ્યોતને ઉગારી

કૃષ્ણ મુરારિ શ્રી કૃષ્ણ મુરારિ!

ઝોકો તમારો
બાળ વાલેરો
આગ પડ્યો રે ઝાડમાં મારી!
એને બચાવો, જ્યોતને ઉગારી!
કૃષ્ણ મુરારિ શ્રી કૃષ્ણ મુરારિ!

પાંચાળીનાં ચીર પૂરેલાં,
ઝેરનાં તો અમૃત કરેલાં,
આણ્યું મોસાળુ મહેતાનું,
હૂંડી તમે સ્વીકારી!
કૃષ્ણ મુરારિ શ્રી કૃષ્ણ મુરારિ!

દયાના સાગર શરણે આવ્યો:
સાવ અબુધ ને ગમાર આવ્યો:
શરણાગત વત્સલ તમે તો
ગજને ઉગાર્યો મગર મારી!
કૃષ્ણ મુરારિ શ્રી કૃષ્ણ મુરારિ!

૧૯૭૭

# જગદમ્બાની સ્તુતિ

મા સુંદર મંગલકારી!

પરમ પ્રભુના તેજ પુંજથી
પ્રગટી કાય તમારી!
મા સુંદર મંગલકારી!

[1]ચક્ર સુદર્શન વિષ્ણુએ દીધું,
[2]શંકરે દીધું શૂળ!
[3]વરુણે શંખ ને શક્તિ અગ્નિએ
[4]ઇન્દ્રે વજ્રનું રૂપ!
સબ અસુર દિયો સંહારી!
મા સુંદર મંગલકારી!

[6]દીધું કમંડળ બ્રહ્માજીએ
[7]યમરાજે નિજ ઢાલ
રગ રગ તેજ સમુદ્રે[8] રચિયાએ
[9]વિશ્વકર્માએ હાર
મા નિત્ય વિજય વરનારી!
મા સુંદર મંગલકારી!

૧૯-૭૭

૧,૨,૩,૪,૫,૬,૭,૮ અને ૯ = આસુરી તત્ત્વોનો સંહાર કોઈ દેવોથી થઈ શક્યો નહિ ત્યારે પરમાત્માને પ્રાર્થના કરવાનો આદેશ. તે સમયે આકાશવાણી થઈ કે સર્વે દેવો પોતપોતાના આયુધો ભગવાનની શક્તિ માતા સ્વરૂપે પ્રગટે ત્યારે તેને સોંપી દે તો જ અસુરોનો વિનાશ થઈ શકશે. તેથી જગદંબાનું પ્રાગટ્યકરણ થયું ત્યારે સર્વ દેવોએ શરણાગતિ સ્વીકારી અને પોતપોતાના આયુધો સોંપી દીધા. તેનો અહીં ઉલ્લેખ છે. તે દ્વારા અસુરોનો સંહાર કરી શક્યા હતા. દીપુ

# કોણ ઉતારે પાર?

મારો કોણ ઉતારે પાર?
જશોદાનો, ભુવને તારણહાર!
ક્યાં જાઉં ને કોને કહું, પ્રભુ?
તમે છો દીનદયાળ!
જશોદાનો, ભુવને તારણહાર!

નથી કીધી મેં ભક્તિ તમારી,
નથી કીધાં સત્કામ!
અધમ પાપ જનમ જનમનાં
શરણ કહું ઘનશ્યામ!
મારો કોણ ઉતારે પાર?
જશોદાનો, ભુવને તારણહાર!

તમે છો મારા માતપિતાજી
સાચો તમારો સાથ
ગોવર્ધન જે ઊંચક્યો તમે
મારની શી વિસાત?
મારો કોણ ઉતારે પાર?
જશોદાનો, ભુવને તારણહાર!

ત્રણે ભુવનમાં આણ તમારી,
મોટી માયા આપ
એમાં રગદોળાતો જીવન
જાણો તમારો જાપ —
મારો કોણ ઉતારે પાર?
જશોદાનો, ભુવને તારણહાર!

૧૯૭૮

# બાળ મારી સંભાળો

## ધોળ

સતગુરુ સંકટ આવ્યા તે ટાળો રે
આરતી વેળા બાળ મારી સંભાળો રે -ટેક

આવા કોઈ કોઈ નથી આરા મારા રે
પ્રચંડ છે ક્રૂર આવ્યું તમે ખાળો રે
આરતી વેળા બાળ મારી સંભાળો રે -૧

મન તો મારું આકુળ વ્યાકુળ થાય રે
આવ્યો લાગો સંતવેળાનો દા'ડો રે
સતગુરુ સંકટ આવ્યા તે ટાળો રે -૨

કામો રહ્યાં કલ્યાણના સહુ બાકી રે
આવો ક્યારે મળશો મને પ્રભુ પ્યારો રે
આરતી વેળા બાળ મારી સંભાળો રે - 3
સતગુરુ સંકટ આવ્યા તે ટાળો રે

૧૯૭૮

# કોણ મારે આંગળિયે—

કોણ મારે આંગળિયે અલૌકિક વગાડે?
સૂરની મધુરતા રેલાય રેલાય
કૃપાના મેઘની માધુરી વરસાવે?
કોણ મારે આંગળિયે અલૌકિક વગાડે?

અનંતને ચીંધતા લોચનનાં અમૃત
પાષાણી જડતાના પહાડો પીગળાવે!
કોણ મારે આંગળિયે અલૌકિક વગાડે?

રૂપ અરૂપકેરાં દર્શનો સુંદર
અંતરિયે ભરતીની મસ્તી મચાવે!
કોણ મારે આંગળિયે અલૌકિક વગાડે?

જનમોજનમના સાંઈ આણે
લોચન રે દર્શનાં પાણી પાવડાવે!
કોણ મારે આંગળિયે અલૌકિક વગાડે?

૧૯૬૮

## આનંદ હેલી

આજે મારે આંગણિયામાં
ગુલ લીલા થાય છે:
તમો વર્તુળ અંધારાનો
તત્ક્ષણ ગ્રસી જાય છે!

તમરાંકેરી ઝાંઝર ઝણકે
રાગ અનેરો ગાય છે!

પ્રાણ પવન બજાવે પાવો
રગ રગ કીર્તન થાય છે!

શ્રાવણનાં ઝરમરિયાં ફોરાં
નાભિ સરકી જાય છે!
હું જડભાગત સરધા રાતે
આનંદ હેલી થાય છે!

૧૯૭૮

## 30 ધન મળ્યું ગજું મને સાચું!

ગુરુ તો લૂંટારો રે
સંપદ ભવનની લૂંટે!
એ તો લૂંટે ને લૂંટાવે રે
એની ઝોળીમાં નહિ ખૂટે!

ગુરુ તો રંગારો રે
રંગ રંગીલો રંગે!
એ તો રંગે ને રંગાવે રે
રમવાની મજા તો સંગે!

ગુરુ તો કીમિયાગર રે
મંત્રવિદ્યા બહુ જાણે!
મંત્રો જાણે ને જણાવે રે
એ તો આંગણે પ્રભુને આણે!

ગુરુ તો હૈયામાં રે
મૂરત કોઈ કોઈ નાચું!
ગુરુને પ્રતાપે રે
ધન મળ્યું ગજું મને સાચું!

૧૯૭૮

૩૨ ધૂન ભજનની લાગી

ધૂન ભજનની લાગી રે મારી
ધૂન ભજનની લાગી!
ચેન પડે નહીં આઠ ઉપાધિ
આવી જગ વડભાગી!
ધૂન ભજનની લાગી!

સંગીતનું ના માન વરી યે
જીવન સાવ દુર્ભાગી!
કંઠ મળે નહિ, સૂર મળે નહિ,
દિલ છતાં અનુરાગી!
ધૂન ભજનની લાગી!

તંત્ર ન જાણું ને મંત્ર ન જાણું
બની શકું નહિ ત્યાગી!
રસના તોયે ગાવા મથતી
ભજનની વડભાગી!
ધૂન ભજનની લાગી!

સંસાર સાગર તરતા તરતા
ફર્યો બન્યો સદ્ભાગી:
ગુરુ પ્રતાપે રોમરોમમાં
પાંસળા રહી રે જાગી!
ધૂન ભજનની લાગી!

૧૯૭૮

# શ્રી યોગેશ્વર વંદનાષ્ટક

(શાર્દૂલવિક્રીડિત છંદ)

૧

જે ચૈતન્ય ચરાચરે વિલસતું આરંભથી સૃષ્ટિના
સાક્ષાત્કાર કર્યો છતાં ય કદિ ના સંતોષ જેને થયો
આવિર્ભાવ જહીં લગી નહિ બને રે રોમરોમે સદા
કીધું સાધન ત્યાં લગી શમદમે તેને નમું સર્વદા.

૨

પોતાની જનનીતણી હૃદયથી સેવા કરી જેમણે
આકર્ષી ન શકી છતાં ય જગની માયા કદી તેમને
દાસી થૈ ચરણે રહી નવનિધિ ને અષ્ટસિદ્ધિ સદા
તોયે સાધન ના તજ્યું વિપદમાં તેને નમું સર્વદા.

3

ત્રિકાળસ્થ મહાપુરુષ પ્રગટ્યા, પામ્યા સ્મૃતિ પૂર્વની,
પામ્યા દર્શન સિદ્ધ સંતજનના દૈવી કૃપા મેળવી,
ના સંતોષ થયો છતાં ય ફરી જેણે કરી સાધના,
ત્યાગ્યા આસન, અપાર સંકટ સહ્યા, તેને નમું સર્વદા.

૪

સુંવાળું તન સાધને કૃશ થયું, ચાલુ રહી પ્રાર્થના,
દેહાતીત દશા થયા અનુભવો માની કૃપાના છતાં,
ત્રિદેવો પ્રગટ્યા અનેક સમયે, સાંઈકૃપા પામિયા,
ઉત્ક્રાંતિ અટકી નહીં તદપિ એ તેને નમું સર્વદા.

૫

જગદમ્બા ઈશ ચેતના પરમ જે કારુણ્યમૂર્તિ અહો
થૈ પ્રત્યક્ષ ક્ષણે ક્ષણે સ્વજનનું સાતત્ય જેણે ગ્રહ્યું,
વાતો જાગૃતિમાં કરે સરળને ઈચ્છા ક્ષમાળે સદા,
તે યોગેશ્વરને સ્મરું હૃદયથી, પાયે નમું સર્વદા.

(ચાલુ)

૬

અંગે અંગ અખંડ ચિન્મય દિસે, આનંદ અવિધ ઘસે,
કાયા મધ્યમ ગૌર વર્ણ દિપતો માહેશ્વરી તેજથી,
દૈવી પ્રેમ ઝુલે વદન કરુણા આંખો થકી વર્ષતી,
તે યોગેશ્વરને સ્મરું હૃદયથી, પાયે નમું સર્વદા.

૭

ડોલાવી શકતું ત્રણે ભુવનને સામર્થ્ય જેની મહીં,
થૈ સામાન્ય છતાં ફરે જગતમાં ને લાફિસ્યા કરે!
જેને કોઈ સદા રહે ઉરમાં મા ભારતી મંગલા,
તે યોગેશ્વરને સ્મરું હૃદયથી, પાયે નમું સર્વદા.

૮

હૈયાની ધરતી પરે વરસજો થૈ મેઘરાજ તમે,
ફૂટ્યા અંકુર કોમળા હૃદયમાં તે આત્મવંતા કરો!
હે યોગેશ્વર-ગંગ પાવન વહો મારા હૃદે સર્વદા!
ગાઉં નિત્ય ગુણાનુવાદ ગુરુ હે સ્વીકારજો વંદના!

૧૯૭૮

# આરતી કરીએ અંતર્યામી

જય જય હો ગુરુદેવ સ્વામી!
નમન કરીએ,
વંદન કરીએ,
આરતી કરીએ અંતર્યામી!
જય જય હો ગુરુદેવ સ્વામી!

આવ્યા તમારે શરણે બાળ
રાખો પ્રભુજી ઉરે સંભાળ
નમન કરીએ,
વંદન કરીએ,
આરતી કરીએ અંતર્યામી!

દીનતા હીનતા સઘળા છેદો
અજ્ઞાનતાના પડદા ભેદો
નમન કરીએ,
વંદન કરીએ,
આરતી કરીએ અંતર્યામી!

અવગુણો પ્રભુ દોષ અમારા
નોધારાના તમે સહારા
નમન કરીએ,
વંદન કરીએ,
આરતી કરીએ અંતર્યામી!

કાઢ્યા દોષ સતત જગાવો
રગે રગે ઉજાસ કરાવો
નમન કરીએ,
વંદન કરીએ,
૧૯૭૯
આરતી કરીએ અંતર્યામી!
જય જય હો ગુરુદેવ સ્વામી!

# ગુરૂદેવ તમારા ચરણોમાં —

ગુરૂદેવ તમારા ચરણોમાં
સલામત જીવન છે મારું! - ટેક

મુલાકાત તમારી જીવનમાં
જાણે રણમાં શીતળ ઝરણું મળ્યું!
નહીં સુખ રહ્યું, નહીં દુઃખ રહ્યું,
સદા શાંતિમાં મન ડૂબી રહ્યું!

તમે સૂર્ય સમાન જીવનમાં
ઝળહળતા સુભગ પ્રકાશ કર્યા!
તમે ચંદ્ર સમાન સ્નેહભરપૂર
મારા જીવનમાં આનંદ ભર્યા!

એક મૂશળધાર અશ્રુધારા
વરસો ચરણોને ધોઈ શકું!
એ ચરણામૃત થી પાવન થાઉં
મારું જીવન ધન્ય બનાવી શકું!

૧૯૭૮

# ગુરુ ચરણની ધૂળ

ગુરુ ચરણની ધૂળ, હું તો ગુરુ ચરણની ધૂળ!
ઉઘડ્યું મારું ભાગ્ય મનોહર ઘડી મળી અણમૂલ!
હું તો ગુરુ ચરણની ધૂળ!

કંટક કંકર કાંઈ નડે નહીં, બની ગયા બધાં ફૂલ!
વાંકી ચૂકી કેડી દુર્ગમ બની ગઈ મંજુલ!
હું તો ગુરુ ચરણની ધૂળ!

વ્યાકુળ મનડું શાંત બન્યું હવે થઈ રહેશે મશગૂલ
પ્રેમ પવનથી ઉડતી ઉડતી ભેટશે જગના મૂળ!
હું તો ગુરુ ચરણની ધૂળ!

ગુરુ પ્રતાપે બની ગયા યમ એવા તો અનુકૂળ
રોગ મટ્યો ને યોગ થયો ભાઈ મટી ગયું ભવશૂળ!
હું તો ગુરુ ચરણની ધૂળ!

૧૯૭૯

કોણ નિર્ગુણ ને નિરાકાર?

ઘુવડ આંખે રવિ છુપાતો
થઈને ઘોર અંધાર;
તેજ તેજ થઈ ઝળકે તેમાં
લાલા અપરંપાર!
કોણ નિર્ગુણ ને નિરાકાર?
કહો ભાઈ, સગુણ ને સાકાર?
કોણ નિર્ગુણ ને નિરાકાર?

દૃગો જ્યાં લગી રહે છુપાઈ
ત્યાં લગી નિરાકાર!
નયણો તરવરતા દિસે તો
સુંદર ને સાકાર!
કોણ નિર્ગુણ ને નિરાકાર?

ભાવ અનુસાર ધરે મનોહર
રૂપ અનોખું સુંદર!
સચરાચરમાં અકળ ઠગિયો
પ્રેમળ ને સુંદર!

અગાધ ભાવે ભીનિત થઈને
પાતો અનુપમ પ્યાર!
કોણ નિર્ગુણ ને નિરાકાર?

યોગેશ્વર થઈ પ્રગટ્યો જગમાં
ગાતો અનોખું ગાન
જાગી ઊઠ્યો રણગાન કરતો
સૂતેલો યુગ પ્રાણ!

અંત નો ભાવ પર ઝળૂકી
વરસે અનરાધાર!
કોણ નિર્ગુણ ને નિરાકાર?

૧૯૭૯

# દર્શન દયો

ગુરુ યોગેશ્વરનાં દર્શન દયો!
દિવાળીના દિન આવ્યા મારે
રોમે રોમે દિવા જલે!
ગુરુ યોગેશ્વરનાં દર્શન દયો!

ધનતેરસનું પૂજન સારું
કાળીચૌદસ ઝળહળે!
જન્માંતરના મેલ ધોનારા
પ્રકાશનાં પૂર ફરી વળે!
ગુરુ યોગેશ્વરનાં દર્શન દયો!

ઘંટનાદ ને આરતી ગૂંજે
હૃદયતલમાં લહરે!
નરવરનાં શામળાં નયનોમાં
સરવે તીરથ સમાયે!
ગુરુ યોગેશ્વરનાં દર્શન દયો!

વંધ્યાને ઘેર પુત્ર અચાનક,
નિર્ધનને ખજાનો મળે,
એવો અદ્ભુત આનંદ કેરો
સાગર ભીતર ઉછળે!
૧૯૭૯ ગુરુ યોગેશ્વરનાં દર્શન દયો!

## ઝૂઝાતા દીપમાં?

સંકોરી કોણ ગયું વાટ,
ઝૂઝાતા દીપમાં?
સ્નેહ સીંચ્યું કોણે ફરી વાર,
ઝૂઝાતા દીપમાં?

છાની છોરી કોણ આવ્યું મધરાતે?
પગલાં પડી જુઓ દીવાની પાટે!
કોણે ઝાડી ફરી આશા,
ઝૂઝાતા દીપમાં?

કોઈએ ન જોયું કે કોઈએ ન જાણ્યું,
આવ્યા ચિત્ત જેનાથી જરી ન રહેવાયું!
વાગી શકી ના વાયુની થપાટ,
ઝૂઝાતા દીપમાં!

શીતલ શો વાયરો મલમલતો વાતો
ગાંડો થઈ સાગર લહેરાતો ગાતો:
મોતી મુક્યું કોણે અણમોલ,
તૂટેલ છીપમાં?

સંકોરી કોણ ગયું વાટ,
ઝૂઝાતા દીપમાં?

# કુબેરના કુબેર
(ગુલબંકી)

તમે ગુરુ કુબેરના કુબેર છો!
પ્રભુ તમે અનંત ને અનાદિ છો!

માગણી એવી કરી વરીક આપની કૃપા ગણી,
તમે છતાં દઈ દીધી કુબેર સંપદા ઘણી!
અલ્પ માગનારને બનાવી રાખવી શકો!
પકડ ગહું ભૂલી દઉં તમે શિવસ્વરૂપ છો!

અનુભવો કરાવતા રહ્યા સદા હું જાણું છું!
તમે પ્રકાશરૂપ છો, હું યે પ્રકાશરૂપ છું!
પ્રકાશની લીલા બધી પ્રકાશના સમુદ્ર છો!
પકડ ગહું ભૂલી દઉં તમે શિવસ્વરૂપ છો!

૧૯૭૯

# માંગણી

મને તક દોને ગુરુદેવ,
તમારી કરવી છે મારે સેવ!

સેવા વિના બધું લાગે નકામું
હૃદયે નહીં સુખ શાંતિ પામું
સાન મળે નહીં, ભાન મળે નહીં,
જીવનનું તો સ્થાન રહે નહીં!
ભુલાવો સઘળા ભેદ,
તમારી કરવી છે મારે સેવ!

સત્કર્મ વિહોણા સાગર ફેરા
ફરતાં થાક્યા ચરણ ઘણેરા!
આ ફેરામાં જોરે તમારો
નાવને જાણે મળ્યો કિનારો!
જાગી ગયો સ્વયમેવ,
તમારી કરવી છે મારે સેવ!

રોગમાં જીવન નવ સપડાયું,
કૃપા કરીને તમે બચાવ્યું!
શેષ હવે ભજનમાં જાતે
ગાળવા દેજો પ્રભુ એક રાતે
શરણ રાખો ગુરુદેવ,
તમારી કરવી છે મારે સેવ!

૧૯૯૮

# જગદમ્બાને પ્રાર્થના

જગદમ્બા મા જગદમ્બા !
જગદમ્બા મા જગદમ્બા !
કરું તારું સુમરણ,
કરું તારો જાપ !
જગદમ્બા મા જગદમ્બા !

રાતદિન બહુ ભટકાવે મા
રૂદન કરતો પુકારું મા
એક જ ચુટકે સઘળાં જાય !
જગદમ્બા મા જગદમ્બા !

ઘર ભીતર ખૂબ મેલા ભર્યા
એને શકું ઓગાળી મા
એવી શક્તિ મુજને આપ !
જગદમ્બા મા જગદમ્બા !

વિધ વિધ રૂપે પ્રગટો જ્યારે
પરખી શકું મા સત્વર ત્યારે
એવી મુજને નજરો આપ !
જગદમ્બા મા જગદમ્બા !

ગુરુ પ્રતાપે ઉઘડ્યું અંતર
ગુણગાન તારાં ગાઉં નિરંતર
પાવન તમ મુજ દર્શન આપ !
જગદમ્બા મા જગદમ્બા !

૧૯૮૦

# વિનંતિ

સર્વેશ્વરી મા સર્વેશ્વરી!
વિનતિ સુણો મા ફરી ફરી! — ટેક

શૈવાળ ઓથે વિમલ વારિ,
મોહભરમ નિવારો વળી!
ઋણાનુબંધે ભેગાં થયાં તો
સાચા સ્વરૂપે પ્રગટો વળી!
સર્વેશ્વરી મા સર્વેશ્વરી!
વિનતિ સુણો મા ફરી ફરી!

ભીષણ ભવના દાવાનલમાં
અમે રહ્યાં રે બળાબળા!
વરસો અનરાધાર અમો પર
શીતળ શાંત કરો વળી!
સર્વેશ્વરી મા સર્વેશ્વરી!
વિનતિ સુણો મા ફરી ફરી!

૧૯૮૦

જય હો!

જય હો! જય હો! જય હો!
બાદશાહના વહાલા ગુરુ યોગેશ્વરની જય હો!

જેના સ્મરણે રોગો ભાગે,
ફૂલ હૃદયના ખીલવા લાગે,
મુરલી સુંદર મુખરે તેના
મરણ કંપનમાં લય હો!

જય હો! જય હો! જય હો!
બાદશાહના વહાલા ગુરુ યોગેશ્વરની જય હો!

જીવનવનના હે વનમાળી,
આતમહંસ બનાવો ન્યારી!
સુરસરિતામાં સ્નાન કરાવી
પ્રભુરાચિત વિજય હો!

જય હો! જય હો! જય હો!
બાદશાહના વહાલા ગુરુ યોગેશ્વરની જય હો!

૧૯૮૦

# આળોટવા દે

ગાવડીને ખોળે આળોટવા દે!
આળોટવા દે! આળોટવા દે!
મને ગાવડીને ખોળે આળોટવા દે!

જનમોજનમ રગદોળાયો,
ગંધાતા કાદવમાં ખરડાયો,
હવે પાવનતમ પ્રેમમાં ધોવા દે!
ગાવડીને ખોળે આળોટવા દે!

કોને ખબર આ કાયાની વરી,
પેખ વાતે તે ના ફરી આવે ફરી!
અવસર મળ્યો તો મને નાચવા દે!
ગાવડીને ખોળે આળોટવા દે!

નસીબ મારું કેવું જોર કરે,
દૈવી હાથો આ તન પર ફરે!
એના અંગમાં સઘળું ઝૂલવા દે!
ગાવડીને ખોળે આળોટવા દે!
પ્રેમ સરવાણે ધવલ મને ન્હાવા દે!
૧૯૯૦ ગાવડીને ખોળે આળોટવા દે!

# ઓ માયાકેરી જોગણી

તારાં જંતર મંતર છોડી દે ઓ માયા કેરી જોગણી:
તારે તે દુવાર ઊભો
શબદ રે હઠીલો
ઓ માયાકેરી જોગણી!
તારાં જંતર મંતર છોડી દે ઓ માયાકેરી જોગણી!

સત રે ગુરુના શબ્દે કુંડિયા વીંધાયા:
રોમ રોમ અનહદ વાજાં એવાં વાગિયાં—
ખૂલી ગયો ભેદ તારો નરખર ઓ જોગણી!
તારાં જંતર મંતર છોડી દે ઓ માયાકેરી જોગણી!

નવ રે છોડીએ ન તું દાણો નલીં આવું,
સાત રે સમુંદર તું તો એક ડગે માવું!
તારી તો વિસાત શી ઓ નરખર રે જોગણી?
તારાં જંતર મંતર છોડી દે ઓ માયાકેરી જોગણી!

અરૂપી રે સંગો મેં તો પ્રીતડી રે કીધી:
હજાર રે ભાલા વેધ અગન મેં તો પીધી!
ઓળખી રે લેજે ભાવો ભૂંડો વણો જોગણી:
તારાં જંતર મંતર છોડી દે ઓ માયાકેરી જોગણી!

૧૯૮૦

## ગુર્વષ્ટક
### (ભુજંગી છંદ)

રૂપાળો ભલે દેહ હોયે નિરોગી,
યશસ્વી ભલે હોય ભંડાર ભારી,
ગુરુપાદ - પદ્મે કરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

ભલે દૈવયોગે મળ્યા પુત્રપૌત્રો,
ગૃહે શ્રી ઘણે, સ્ત્રી ભલે, હોય મિત્રો,
ગુરુપાદ - પદ્મે કરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

મુખે હોય શાસ્ત્રો, બધા વેદ વિદ્યા,
ભલે કાવ્યસાહિત્યના પૂર્ણ જ્ઞાતા,
ગુરુપાદ— પદ્મે કરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

યશસ્વી વિદેશે, સ્વદેશે સુમાની,
ભલેવૃત્તિ હોયે સદા ખાનદાની,
ગુરુપાદ— પદ્મે કરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

ભલે પૃથ્વીનો થાય રાજા અખંડ,
કરે રાજવી સર્વ સેવા સદૈવ,
ગુરુપાદ - પદ્મે કરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

(ચાલુ)

જગે દાન તારું ગવાયે ભલેને —
બધું થાય જેની કૃપાથી અહો તે
ગુરુપાદ-પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

ત્યજે યોગયશે મળ્યા સર્વ સિદ્ધિ,
ભલે ભોગસંપત્તિ વાંછે ન કોઈ,
ગુરુપાદ-પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

ઘરે, બંગલે, કર્મનો રાગ છો ના
રહ્યું ચિત્ત સાંપત્ય છોને વરી ના
ગુરુપાદ-પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું!

૧૯૮૦

નોંધ: અમદાવાદમાં પૂ. યોગેશ્વરજી પારુલ ફ્લેટમાં આરામ કરી રહ્યા હતા ત્યારે મને ચાર દિવસ એમની સાથે રહેવાનું મળેલું. તેમની આજ્ઞાથી આદ્યગુરુ શંકરાચાર્યનાં રચેલાં પદોનું ગુજરાતીકરણ કરવાનો પ્રારંભ કરેલો. આ સાકાર તે જ દિવસે સાંજે પ્રાર્થનામાં આ ગુર્વષ્ટક ગાયેલું ને તેમણે આનંદ વ્યક્ત કરેલો.

# નિર્વાણષટક
(ભુજંગી છંદ)

નહીં હું અહંકાર, બુદ્ધિ ન ચિત્ત,
નહીં કર્ણજિહ્વા, નહીં નાક નેત્ર,
નહીં વ્યોમ-પૃથ્વી, નહીં તેજ વાયુ
ચિદાનંદ રૂપી શિવોહમ્, શિવોહમ્!

નહીં પંચપ્રાણો, નહીં શ્વાસઉચ્છ્વાસ,
નહીં સપ્તધાતુ, નહીં પંચકોશ,
નહીં હાથ, પાણી, પગો, ઈંદ્રિયો ના,
ચિદાનંદ રૂપી શિવોહમ્, શિવોહમ્!

મને દ્વેષ કે રાગ ના લોભ મોહ,
નહીં ગર્વ લેશો, ન ઈર્ષ્યા લગાર,
મને ધર્મ કે અર્થ ના કામ મોક્ષ,
ચિદાનંદ રૂપી શિવોહમ્, શિવોહમ્!

નહીં પાપ પુણ્યો, નહીં સુખદુઃખો,
ન મંત્રો, નતીર્થો, ન વેદો, ન યજ્ઞો,
નહીં ભોગ ભોક્તા, કશા ના પદાર્થો,
ચિદાનંદ રૂપી શિવોહમ્, શિવોહમ્!

મને જન્મમૃત્યુ નહીં કોઈ શંકા,
નહીં જાતિભેદો, નહીં માતપિતા,
નહીં મિત્ર, ભાઈ, ગુરુ, શિષ્ય એ ના,
ચિદાનંદ રૂપી શિવોહમ્, શિવોહમ્!

નિરાકાર હું તો સદા નિર્વિકલ્પ,
બધે વ્યાપ્ત તોયે સદા હું અલિપ્ત,
મને મુક્તિ કે સંગ ના લેશમાત્ર,
૧૯૮૦ ચિદાનંદ રૂપી શિવોહમ્, શિવોહમ્!

નોંધ: શ્રી શંકરાચાર્યરચિત આ નિર્વાણષટક મધુર સ્વરોમાં જન્મ દિવસે પૂ. યોગેશ્વરજીએ ગાઈ સંભળાવેલું અને સાંભળીને અનુવાદની તરત-પ્રશસ્તિ કરેલી.

E

# શિકાગોના દરિયા કિનારે —
## (પૂજ્યશ્રી વિદેહ થયા ત્યારે)

હે મહાસાગર!
મારે મન તું
માત્ર નથી કાંઈ સિંધુ,
માત્ર નથી કાંઈ રત્નતણો ભંડાર,
પ્રેમઘેલો,
સુધન્ય થયેલો,
તું તો મારો છો ગુરુબંધુ!

હજારોવાર હે મહાસાગર
તને કરું પ્રણામ!

તું પુણ્યશાળી,
કર્મે કરી તને મળ્યો'તો
સદ્ગુરુ કેરા ચરણકમળને
ચૂમવાનો અધિકાર,
હે મહાસાગર!

મનગગનમાં આવે મારા
ચમકી રહ્યું તે ચિત્ર —
માતૃભક્ત
ગુરુયોગેશ્વરને
ભારતદેશને દક્ષિણ ખૂણે
તટ પર આવી ઊભા જોઈને
તારે અંગઅંગ
ઉછળ્યા પડ્યા'તા ભક્તિપારાવાર!
ને ફરી
નહિ સહેવાયો મુજથી
ઋણનો પણ વિલંબ:
ઊભરી ઊભરી
ઉછળ્યા ઉછળ્યા
ઋણ માંહે શતધારનું અંતર કાપી
(ચાલુ)

(ચાલુ) F

ગુરુચરણનાં તેં પાદપ્રક્ષાલન કીધાં,
કીધાં મીઠાં અમૃત પીધાં!
ધન્ય થયા તે હાથ,
ધન્ય થયો તુજ દેહ!
ધન્ય થયા ઓવારા,
વરસ્યો પ્રભુનો નેહ!

વારંવાર
ફરી તે યાદ
અસ્તિત્વની તુજ સાર્થકતાને
જાણી શક્યો છું,
માણી શક્યો છું, આજે હરિયાલાલ!
તારી અનેરી
મહાનતાનાં દર્શન કરતાં
મને જ મારી ન્યૂનતા ફરી
આજ રહ્યો રે ખ્યાલ,
રે હરિયાલાલ!

લઘુક વાગોળિયા જેવો હું
ઊંઘમાં તો શુદ્ધ બની જાઉં!
ડહોળાઈ, અરેરે, સાવ કીચડ રગડા જેવો —
તું તો કેવો
સ્વસ્થ,
શાંત,
ને ધીર હસતો!

અનોખી તારી રીત
બહુ મન ભાવે
સમસ્ત સરિતાઓ ઠલવાતી
ખાર ધરતીના ધોતી ધોતી
જળમાં ધસમસી આવે:
જાણે મળને લાગો ખારો,
તું તો મારે મન અતિ પ્યારો!

(ચાલુ)

(ચાલુ)

આકાશને શમણાંમાં પહેરી
મેઘધનુનું રૂપ લઈને
હું જ સમર્પણ કરતો!
ગુરુચરણનાં હું ગીતડાં ગાતો!
પ્રેરણાનું હું પિયૂષ પાતો!
તારો સથવારો મને ગમતો!

હું પામી શક્યો છે
ગુરુ કૃપાનો પુરસ્કાર,
જ્યારે હું તો રમાડી માત્ર,
દાનદક્ષિણાપાનું ભજને પાત્ર,
નિત્ય વરસતી રહેતી કૃપાનું
એકેબુંદ પણ ઝીલી શક્યો ના!
ઝીણું ઝીણું જે યાચ આભ!
રડ્યો,
ફર્યો,
ને તે છતાં
પાદપદ્મોને સ્તવો,
ના શક્યો ચૂમી ફરી!
ધિક્કાર મારી જાત પર
હે મહારાજ!
પણ
રે હાય - -

તે દિન ચાલ્યા ગયા ---
ને તે પાદપદ્મો ....
મૂકી માત્ર સ્મરણનું ચિહ્ન ....
ક્યારે
અંતર સાથ ચિંતન,
ઉદ્બોધન,
ક્યારે,
ક્યારે!

૨૫/૪/૧૯૮૪
પિલાણી.

# ધૂન

J

૧

સત્યસાંઈ, સત્ય સાંઈ, સત્ય સાંઈ રામ
કૃષ્ણ સાંઈ, કૃષ્ણ સાંઈ, કૃષ્ણ સાંઈ રામ
શિવ સાંઈ, શિવ સાંઈ, શિવ સાંઈ રામ
સાંઈરામ, સાંઈરામ, સાંઈરામ રામ

૨

સત્ય સાંઈ નારાયણ, શિવ સાંઈ નારાયણ
કૃષ્ણ સાંઈ નારાયણ, સાંઈરામ નારાયણ
સાંઈરામ, સાંઈરામ, સાંઈરામ, નારાયણ
નારાયણ, નારાયણ, નારાયણ, નારાયણ ....

3

કેવું મધુરું લાગે નામ,
સાંઈરામ સત્યસાંઈરામ!
મને ગાવું ગમે નિત નામ,
સાંઈરામ સત્યસાંઈરામ!

૪

ઓમ્ ગુરુ સાંઈ રામ, ઓમ્ ગુરુ સાંઈરામ
શિવ શિવ સાંઈરામ, ઓમ્ ગુરુ સાંઈરામ
કૃષ્ણ કૃષ્ણ સાંઈરામ, ઓમ્ ગુરુ સાંઈરામ
સાંઈ સાંઈ સાંઈરામ, ઓમ્ ગુરુ સાંઈરામ

૫

ભવસાગરને તરવા રામ
સહુ કોઈ જાણો સાંઈરામ
ઘર ઘર વસતા સાંઈ રામ
સહુ કોઈ જાણો સાંઈરામ

(ચાલુ)

૬

સાંઈ રે સાંઈ રે
સાંઈ સાંઈ રામ, સદા સાંઈ સાંઈ રામ
રગ રગમાં સાંઈ,
દુનિયામાં સાંઈ,
શ્વાસે ના સાંઈ સાંઈ રામ (૨) ....સાંઈ રે.....

ખાવું ના સાંઈ,
પીવું ના સાંઈ,
ચાલું ના સાંઈ સાંઈ રામ (૨) ....સાંઈ રે....

જોવું ના સાંઈ,
સુવું ના સાંઈ,
ઊઠું ના સાંઈ સાંઈ રામ (૨) ......સાંઈ રે.....

જાગું ના સાંઈ,
ગાવું ના સાંઈ,
મૌન ના સાંઈ સાંઈ રામ (૨) .....સાંઈ રે....

૭

યોગેશ્વર સાંઈ રામ, સર્વેશ્વર સાંઈ રામ
સુખથી જપો સાંઈરામ, યોગેશ્વર સાંઈરામ
મનથી રટો સાંઈરામ, સર્વેશ્વર સાંઈરામ
યોગેશ્વર સાંઈરામ, સર્વેશ્વર સાંઈરામ

૮

કરો યોગેશ્વર નામની રટણા
જશે ભાંગી સૌ મનની ભ્રમણા
જપો સર્વેશ્વર સદા સ્મરણા
થશે સુખદ સફરી રચણા

૯

કાંઠે ઊભા આશાઓ ના નીરખો,
સુખશાંતિનો દરિયો યોગેશ્વર!
મીંટે પલકે સઘળું પરખો,
મોંઘા મોતીના ભંડાર યોગેશ્વર!

મ્હોરું હવે તો ઉતાર, સમય પાકી ગયો છે!
શાને સજાવે તું ધાર, સમય પાકી ગયો છે!

ભરેલી રીતો તારી સૌ દંભથી
છેતરાતા લોકો કોઈને આરંભથી
રીતો હવે તો સુધાર, સમય પાકી ગયો છે!

હરિને ભજવાના વાયદા કર્યા છે
કરવાનાં કામો બાકી રહ્યાં છે
કરી લે હવે તો વિચાર, સમય પાકી ગયો છે!

કાનોના દ્વાર બંધ થયા છે
મોઢાના દાંતો પડી ગયા છે
ફિકે નિહાળે તું રાહ, સમય પાકી ગયો છે!

દીપક આંખોના ઝાંખા થયા છે
અંગો શિથિલ થઈ ધ્રુજવા લાગ્યા છે
શક્તિ ન રહેશે લગાર, સમય પાકી ગયો છે!

જાગી શકે તો હવે જાગી જા
આવ્યો તારો સત્ય ફરી જા
સોનેરી ઊગશે સવાર, સમય પાકી ગયો છે!

હારની બાજુ તો જીતમાં ફેરવતી
પ્રભુની કૃપાથી કરે પરમાર્થ
સમજ લે સાચો એ સાર, સમય પાકી ગયો છે!

ડરહામ
૨/૬/૯૪

[illegible]

મારે જ્ઞાની સાથે રહેવું છે!
મારે અંતરથી કાંઈ કહેવું છે!
મને બોલતા આવડતું નથી કાંઈ
તોયે હૈયાને ઠાલવવું છે!

પથભ્રાંતનું દુઃખ કોણ જાણે વળો?
એમાં પગ પકડી મારે રડવું છે!
ભોગામાં ડૂબીને પામ્યો પતન,
હવે ઊર્ધ્વ ગગનમાં વિહરવું છે!

નથી જવું અટકવા ક્યાંય હવે
એને અંકે વિશ્રામ પામવું છે!
એનાં સ્પર્શનો જાદુ જાગી સદા
મારા તનમન પાવન કરવું છે!

એ તો આવે તે થઈ જવું જ દીસે
એની આતમામાં મારે મળવું છે!
(ગુલઝારની ખરેલી પાંદડી સમ
એને શરણે છુંદાઈ પમરવું છે!

બેસી શરણોની નૌકામાં હવે
મારે ભવસાગરને તરવું છે!

હરદ્વાર
૧૫।૬।૯૨

પરમાર્થી

૪

શારદા સ્તવન

કમલાસના હે!
વીણાવાદિની વાગીશ્વરી હે!
ઝનન ઝન્ ઝનન ઝન્
વીણા ઝંકારી દે!
સરલ સરલ મુજ હૃદય નિકુંજે
અકલિત આતમ કોકિલ વંદે
સુર સરવાણી મુખરિત કરી દે!
ઝનન ઝન્ ઝનન ઝન
વીણા ઝંકારો દે!
ભેદી મૌનની પત્થર શિલા
વૈખરીનાં ઝરણ રસીલાં
ખળ ખળ છંદે મુખર કરી દે!
ઝનન ઝન ઝનનઝન
વીણા ઝંકારો દે!